# ‘હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ.....

ધર્મરંગ

વ્યોમા સેલર

ગુજરાતી કવિ કહે છે કે, ‘હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને; પરથમ પહેલું મસ્તક મૂકી, વળતા લેવું નામ જો ને.’

ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે જીવાત્માઓ માટે કર્મયોગ, ધ્યાનયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ એમ ચાર પ્રકારના માર્ગનું વર્ણન કરેલ છે. આમાંથી ભક્તિયોગ માનવજીવન માટે શ્રેષ્ઠ માર્ગ છે.

ભક્તિ શબ્દ ભજ ધાતુમાંથી આવ્યો છે. આનો સરળ અર્થ છે સેવા કરવી કે ભજન કરવું. પોતાના આરાધ્ય દેવની શ્રદ્ધા તથા પ્રેમપૂર્વક સેવા કરવી કે તેમના પ્રતિ આસક્તિ રાખવી.

ભક્તિ શા માટે કરવી અનિવાર્ય છે? શ્રીમદ્ ભગવદગીતા શ્લોક સંખ્યા 65 અધ્યાય 18માં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, ‘‘હે અર્જુન મારો ભક્ત થા, મારી પૂજા કર, મને નમસ્કાર કર, સદૈવ મારું ચિંતન કર, આ પ્રમાણે તું નિઃશકપણે મારી પાસે આવીશ. હું તને વચન આપું છું.’’ ભગવાન શ્રીકૃષ્ણે પવિત્ર ગ્રંથોમાં ભક્તિયોગને શ્રેષ્ઠ બતાવ્યો છે કારણ કે ભક્તિ વગર મોક્ષ સંભવ નથી. પરમેશ્વરની ભક્તિ કરવાથી દિવ્ય તથા અલૌકિક પરમેશ્વરના ધામની પ્રાપ્તિ થાય છે. જેવી રીતે રોગને નાશ કરવા માટે ઔષધિનું સેવન જરૂરી છે તેમ આત્માના કલ્યાણ માટે ભક્તિ કરવી અનિવાર્ય છે. મનુષ્ય જીવે પૂર્ણ સંકલ્પ કરવો જોઈએ કે,‘આ માનવ દેહનો નાશ થતા પહેલાં હું હરિભક્તિ કરીશ. જેના પછી પુનઃજન્મ થશે નહિ અને ભગવાન પરમ ધામને પામીશ.’

પવિત્ર ગ્રંથોમાં વર્ણન થકી જાણી શકાય છે કે પ્રાણી ભક્તિ તથા પુણ્યના બળથી પરમ ધામ સ્વર્ગ કે મહાસ્વર્ગ અથવા બીજા ધામને પ્રાપ્ત કરે છે પરંતુ તેમના પુણ્ય ક્ષય થવાથી ફરી પાછા પૃથ્વી પર અનેક પ્રકારની યોનિમાં પ્રવેશ કરી યાતના ભોગવે છે. આ કથનની પુષ્ટિ આપણા ગુજરાતના આદિ કવિ ભક્ત શ્રી નરસિંહ મહેતાના ભજન થકી થાય છે.

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહિ રે!
પુણ્ય કરી અમરાપુરી (સ્વર્ગ) પામ્યા, અંતે ચોર્યાસી માહી રે!!

શ્રીમદ ભગવદ્ ગીતામાં યુક્ત (યોગ્ય) ભક્તિ કરવાનો ઉપદેશ- જે પરમાત્માની ભક્તિમાં તનમય છે તે કર્મબંધનમાંથી મુક્ત થઈ પરમ શાંતિમય સુખ



પ્રાપ્ત કરે છે. જે માનવ પરમાત્માની ભક્તિમાં લીન થયા નથી અને અન્યની ભક્તિમાં પરોવાયેલા છે તેમને કર્મનાં બંધનમાંથી મુક્તિ મળતી નથી. આથી તે જીવાત્મા કર્મ અનુસાર ચોર્યાસી યોનિમાં જુદાં જુદાં શરીર ધારણ કરીને કષ્ટ ભોગવે છે. ભક્તિ કરવાથી પરમાત્મા આપણી સાથે રહે છે તથા આપણી ક્ષણે ક્ષણે રક્ષા કરે છે. સાધક સર્વ સુખ પ્રાપ્ત કરે છે.

શ્રીલરૂપ ગોસ્વામી લખે છે કે ‘‘કલેશદની શુભદા મોકલઘુતા કૃત સુદુર્લભા’ વગેરે ભક્તિ વિષયક લક્ષણો છે. પ્રથમ લક્ષણ કલેકધની અર્થાત્ ભક્તિ બધા કલેશોનો વિધ્વંશ કરે છે. ભક્તિ કરવાથી (1) આદિ ભૌતિક કલેશ એટલે બીજા પ્રાણીઓ દ્વારા મળતાં કષ્ટ. (2) આદિ દૈવિક કલેશ એટલે દેવતાઓ દ્વારા મળતાં કષ્ટ. (3) આધ્યાત્મિક કલેશ- શરીર તથા મનથી મળતાં કષ્ટ, આ ત્રણ પ્રકારના કલેશનો નાશ અથવા કષ્ટની મુક્તિ ફક્ત ભક્તિ કરવાથી જ પ્રાપ્ત થાય છે.

ભક્તિમાર્ગમાં કેટલીક મર્યાદા છે જે દરેક ભક્તોએ આજીવન માનવી પડે છે:

» પૂર્ણ સદગુરુ પાસેથી દીક્ષા ગ્રહણ કરીને ગુરુજીની આજ્ઞા અનુસાર ભક્તિ કરવી જોઈએ.

» ગુરુદેવને નિષ્કપટ ભાવથી, વિન્રમતાપૂર્વક આદરભાવથી દંડવત્ પ્રણામ કરવા જોઈએ.

» માંસાહાર, વ્યસન, વ્યભિચાર વગેરેનો ત્યાગ ભક્તિમાર્ગમાં અનિવાર્ય છે.

» દાનધર્મ અથવા બીજી કોઈ પણ પ્રકારના યજ્ઞ વગેરે ગુરુની આજ્ઞા અનુસાર કરવા જોઈએ.

> જે માનવ પરમાત્માની ભક્તિમાં લીન થયા નથી અને અન્યની ભક્તિમાં પરોવાયેલા છે તેમને કર્મનાં બંધનમાંથી મુક્તિ મળતી નથી. આથી તે જીવાત્મા કર્મ અનુસાર ચોર્યાસી યોનિમાં જુદાં જુદાં શરીર ધારણ કરીને કષ્ટ ભોગવે છે. ભક્તિ કરવાથી પરમાત્મા આપણી સાથે રહે છે

જે પ્રભુની જાણકારી પવિત્ર ગ્રંથ ગીતાજી તથા ચાર વેદો વગેરેમાં છે તેવા પ્રભુની ભક્તિ કરવી જોઈએ. જે સર્વ બ્રહ્માંડના રચનાકાર, સર્વના પાલનહાર તથા સર્વ ભુવનોના ઉપરના લોકમાં બેઠા છે તેવા પરમેશ્વરની ભક્તિ કરવી જોઈએ.

પરમાત્માને પામવાની તીવ્ર ઈચ્છાવાળા ભક્તોની ભક્તિને પૂજા કહેવાય છે. જ્યારે પરમાત્માને પામવા માટે કરવામાં આવતી આધ્યાત્મિક ક્રિયાઓને સાધના કહેવાય છે. ભક્તિ તર્ક પર નહીં પરંતુ શ્રદ્ધા તથા વિશ્વાસ પર આધારિત છે. શાસ્ત્રોમાં ભક્તિના મહાન આચાર્યનું વર્ણન છે. જેમાં આદિ શંકરાચાર્ય, શ્રી વલ્લભાચાર્ય, શ્રી માધવાચાર્ય, શ્રી ચૈતન્ય મહાપ્રભુ, શ્રી તુલસીદાસ વગેરેનો સમાવેશ છે.

ભક્તિ નવ પ્રકારની છે:

| | |
|---|---|
| 1. શ્રવણભક્તિ | પરીક્ષિત રાજા |
| 2. કીર્તનભક્તિ | શુકદેવ ગોસ્વામી |
| 3. સ્મરણભક્તિ | પ્રહલાદ મહારાજ |
| 4. પાદસેવનભક્તિ | શ્રી લક્ષ્મી દેવી |
| 5. અર્ચનભક્તિ | શ્રી પૃથુરાજા |
| 6. વંદનભક્તિ | શ્રી અક્રુજી |
| 7. દાસ્યભક્તિ | શ્રી હનુમાનજી |
| 8. સાંખ્યભક્તિ | શ્રી અર્જુન |
| 9. આત્મનિવેદન | શ્રી બલિરાજા |

આર્ત (દુઃખી), જિજ્ઞાસુ, અર્થાર્થી (પૈસાની કામના) તથા સેવા. આમ ચાર પ્રકારના ભક્તો ભગવાન પરમેશ્વરની શ્રીભક્તિ કરે છે.

એક ભક્ત બીજા ભક્તને હંમેશાં આદર, સન્માન આપે તે શુદ્ધ ભક્તિનું લક્ષણ છે. યુધિષ્ઠિર મહારાજ હંમેશાં પ્રહલાદજી પ્રત્યે આદરભાવ રાખતા હતા. શુદ્ધ ભક્ત હંમેશાં પોતાને બીજા ભક્તો કરતાં નિમ્ન કક્ષાનો માને છે. પોતાને હંમેશાં મહાન નથી માનતો. તે હંમેશાં બીજાને મહાન માને છે.

ભક્તિની શક્તિ એ દિવ્ય ઊર્જા છે જે આપણને પ્રેમ, શ્રદ્ધા તથા સમર્પણથી પરિપૂર્ણ કરે છે. એ શક્તિમાં એવું આકર્ષણ હોય છે કે આપણને આધ્યાત્મિક સંતોષ, આંતરિક શાંતિ તરફ લઈ જાય છે. જ્યારે ભક્તિનું સંગીત હૃદયમાં વાગે છે ત્યારે દરેક પળ આનંદમય બની જાય છે. ભક્તની સાચી ઓળખાણ ભગવાનથી છે, તેમણે ભગવાનને પોતાના હૃદયકમળમાં બેસાડેલા છે તથા તેના કીર્તન, ગુણગાન, પૂજા જેવી ક્રિયા થકી પોતાનો અણમોલ સમય ભગવદ્ ક્રિયામાં વિતાવે છે.

ભક્તિ કરનાર ભક્તના લક્ષણમાં પ્રથમ લક્ષ છે. કોઈ પણ જાતનો દ્વેષભાવ બીજા પ્રત્યે રાખવો નહિ. વેરની બુદ્ધિ રાખવી નહિ, બધાં જ સાથે સદભાવ તથા મિત્રભાવથી વર્તન કરવું જોઈએ. ભક્ત કરુણા, દયાવાન અને ભાવવાળો હોવો જોઈએ.

---



# અક્ષતનો અવતાર

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

પશ્ચિમ બંગાળમાં બિરભૂમ જિલ્લાના બોલપુર તાલુકાના મુન્દ્રા ગામમાં દક્ષિણ બાજુએ પૂર્વગમના અજયા નદી વહે છે. મહાકવિ જયદેવના જન્મસ્થળ કેન્દુલીથી આ સ્થળ ફક્ત આઠ કિલોમીટર દૂર છે. ત્યાં રાધુદાસ બાઉલના આશ્રમે અમે બેઠા હતા. તેમણે બાઉલ ગુરુ, શિષ્યનો મોહ કઈ રીતે દૂર કરે, તે પ્રશ્નના જવાબમાં પોતાના ગુરુનું સ્મરણ કરી, એક વાત કરી.

રાધુદાસ બાઉલ બોલ્યા,‘‘અહીંથી થોડે દૂર જ તોરતા ગામમાં મારા ગુરુ નીતાઈદાસનો આશ્રમ હતો. અમે છ ગુરુ ભાઈઓ એક સાથે બાઉલસાધના માટે આશ્રમમાં ગયેલા. થોડાં વર્ષો પછી સાધના પૂર્ણ થઈ પરંતુ ગુરુનો પ્રેમ અને મોહિની એટલી બધી પ્રબળ હતી કે અમે આશ્રમ છોડીને અન્ય સ્થાને બાઉલધારાને આગળ વધારવાના હેતુસર, અન્ય આશ્રમ બાંધવા ઈચ્છુક નહોતા. ઘણી વખત ગુરુએ તે બાબતમાં અમને ટોક્યા હતા પરંતુ અમે તે વાતને અવગણતા રહેતા હતા.

એક વખતે ગુરુએ અમને છ ગુરુભાઈઓને એકઠા કરી, પૂછ્યું, ‘‘બેટા, તમે બધા સાત વર્ષથી માંડી અને દસ વર્ષના હતા, ત્યારે બાઉલસાધનામાં આવેલા હતા. આજે 12 વર્ષ પછી તમે સમાજને કંઈક આપી શકો તેવા સુયોગ્ય બાઉલ બની ગયા છો. મને તેનો આનંદ છે, આપણી ગૌરવનારી બાઉલ પરંપરામાં તમારા જેવા તરવરિયા યુવાન બાઉલની ખૂબ જ જરૂરત છે. તમને બધાને યાદ હશે કે આજથી બાર વર્ષ પહેલાં તમે જ્યારે આશ્રમમાં આવેલા ત્યારે આશ્રમ આટલો હરિયાળો નહોતો. તેમાં અનેક વૃક્ષો વાવી, તમે આશ્રમને હરિયાળો બનાવ્યો છે. પહેલે વર્ષે, તમે એક બાળસહજ ચેષ્ટા કરેલી. તે કહું છું. તમારામાંથી કેટલાને યાદ છે તે મને કહેજો! બે ત્રણ વરસાદ પડી ગયા પછી, રથયાત્રાના બીજા દિવસે, તમે એક લીમડાના વૃક્ષ નીચે, સાવ પાસપાસે ઉગેલા 8-10 લીમડાના નાના નાના, એકાદ ફૂટ ઊંચા છોડને અલગ અલગ પાડી, આશ્રમના અલગ અલગ ખૂણે વાવતા હતા!

ત્યારે મેં તમને પૂછ્યું કે તમે શું કરો છો?

તો તમે કહ્યું હતું કે આ લીમડાના ધરુ(એક સાથે ઉગેલા છોડ)ને અલગ કરી જુદા જુદા ખૂણામાં રોપીએ છીએ.

મેં કહ્યું કે, તે રીતે વાવેલા લીમડા નહીં ઊગે.

તમે બધા મારી સામે આશ્ચર્યથી જોવા લાગ્યા.

થયું પણ એવું જ, બે-ત્રણ દિવસમાં લીમડા બળી ગયા! તમે મને પૂછ્યું કે ગુરુ આમ કેમ થયું? લીમડા બળી જવાના છે તેની તમને પહેલાથી કેવી રીતે ખબર પડી ગઈ હતી? મેં તમને સામે પૂછ્યું હતું કે તમે કેમ માનતા હતા કે ધરૂમાંથી ઉપાડેલ લીમડા અન્ય સ્થાને રોપવાથી ઊગી જશે? ત્યારે તમે કહ્યું હતું કે ગુરુ, અમે તો ખેડૂત પરિવારમાંથી આવીએ છીએ. અમે ડાંગરની ખેતી માટે પહેલા આ રીતે ધરુ બનાવીએ, પછી તે નાના રોપને ખેતરમાં ક્યારામાં રોપી દઈએ. આ કારણે અમે એમ માન્યું હતું કે લીમડા પણ ચોખાની જેમ ઊગી જશે! પછી ગુરુ રોકાયા. અમારી સામે જોઈ અને અમને પૂછ્યું કે કેટલા બાઉલને આ પ્રસંગ યાદ છે? બધાએ કહ્યું કે આ ઘટના અને વાત વાર્તાલાપ અમને યાદ છે.

ગુરુ બોલ્યા, ‘‘પરંતુ કદાચ તે પછી મેં કહેલી વાત તમને યાદ નથી! એટલે ફરીથી કહેવી પડે છે, સાંભળો, મેં કહ્યું હતું કે ભાઈ! લીમડાને સોટીમૂળ હોય છે, તેથી તે જ્યાં ઉગે ત્યાં જ ઉછરે! જો તેનું સ્થાન બદલાવો તો ઊંડા ઊતરી ગયેલ સોટીમૂળ તૂટી જાય અને મૂળથી સ્થાનભ્રષ્ટ લીમડો સુકાઈ જાય!’’ ગુરુ થોડું રોકાઈ બોલ્યા, ‘‘જ્યારે કમોદને તો તંતુમૂળ હોય છે! તે ધરતી સાથે ખપ પૂરતા ચોંટ્યા રહે છે, તે ધરતી સાથે મોહની કક્ષાની મમત ન રાખે, તેમને ખબર હોય કે આ તો ધરુ છે! આપણે તો ત્યાં ડાંગરના ક્યારામાં રોપાવાનું છે. ત્યાં જઈ, ઊગી, ઊછરી અને અનેકની જઠરની આગ મીટાવવાની છે. આપણે તો અક્ષત છીએ, આપણો જન્મ એક જ સ્થાને ચોંટ્યા રહેવા માટે નથી થયો.’’

પછી અમારી સામે ધારદાર નજરે જોઈ બાઉલ ગુરુ બોલ્યા, ‘‘તમે બધા બાઉલ પણ તે અક્ષતના વારસદાર છો! કડવા લીમડાના નહીં! એક જ વ્યક્તિની, એક જ સ્થાનની, મોહની કક્ષાની મમત તમને ના પાલવે! જાઓ! જળથી છલોછલ ભરેલા ડાંગરના ક્યારા જેવો સમાજ તમારા રોપાવાની રાહ જોઈ બેઠો છે! હજારો તત્ત્વભૂખ્યા લોકોના મનની ભૂખ મીટાવો! તમે બધા ગૌરવનારી અક્ષતનો અવતાર છો! ક્ષતવિક્ષત થયેલા સમાજના તાણાવાણાને ફરીથી જોડો!’’ સમાપન કરતા

> આપણે તો ત્યાં ડાંગરના ક્યારામાં રોપવાનું છે. ત્યાં જઈ, ઊગી, ઊછરી અને અનેકની જઠરની આગ મીટાવવાની છે. આપણે તો અક્ષત છીએ, આપણો જન્મ એક જ સ્થાને ચોંટ્યા રહેવા માટે નથી થયો

રાધુદાસ બોલ્યા કે અમારા બધા જ ગુરુ ભાઈઓની આંખમાં આંસુ આવી ગયા. પછી લાંબો શ્વાસ લઈ રાધુદાસ બોલ્યા, ‘‘આ વ્યાખ્યાનને અમે દીક્ષાંત પ્રવચન માની, બીજા જ દિવસથી આશ્રમ સ્થાપવા પ્રવૃત્ત થઈ ગયા!’’